આકાશવાણી, અમદાવાદ

17-11-2025 Midday: 2.30 TO 2.35

Monday Regional News

## CM PATEL UNITY MARCH

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે અમદાવાદના આંબલી વિસ્તારમાં સરદાર ઍટ 150 યુનિટી માર્ચ પદયાત્રામાં સહભાગી થયા. તેમણે આંબલી ખાતેથી આ પદયાત્રાનું પ્રસ્થાન કરાવ્યું, જેમાં રાજ્યના વિવિધ મંત્રીઓ, અન્ય મહાનુભાવ ઉપરાંત યુવાનો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રીએ પદયાત્રામાં જોડાયેલા સૌનો આભાર વ્યક્ત કર્યો. સાથે જ તેમણે આત્મનિર્ભર ભારત સંકલ્પને સાકાર કરવા સૌને સ્વદેશીનો મંત્ર અપનાવવા પણ અનુરોધ કર્યો.

. . . . . . . . . . . . .

## MISSION MANGALAM

ગાંધીનગર મેટ્રો મથક ખાતે સંચાલિત 'મંગલમ કેન્ટીન' એ મહિલા સ્વ-રોજગારનું ઝળહળતું ઉદાહરણ પૂરું પાડ્યું છે. ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપનીના માર્ગદર્શન અને રાજ્ય સરકારના પ્રોત્સાહનથી, પુષ્પાબેન અને વૈશાલીબેને સાથે મળીને મેટ્રો મથક ખાતે આ કેન્ટીન શરૂ કરી છે.

મહિલા સંચાલિત આ કેન્ટીનમાં વર્ષે 6 લાખ રૂપિયાથી વધુની આવક થાય છે. આમ, રાજ્ય સરકારના 'મિશન મંગલમ' થકી રાજ્યની મહિલાઓ 'આત્મનિર્ભર ગુજરાત'નો આધાર બની રહી છે.

. . . . . . . . . . . . .

## GANDHINAGAR DABAN

ગાંધીનગરમાં તંત્ર દ્વારા સેક્ટર 30માં વર્ષો જૂના ગેરકાયદે સાતથી વધુ પાકા દબાણ હટાવાયા. જિલ્લા કલેક્ટર, મામલતદાર સહિતની ટુકડી આ કામગીરીમાં જોડાઈ હતી. કામગીરી દરમિયાન ગાંધીનગર પોલીસ અધિક્ષકની આગેવાની હેઠળ મોટી સંખ્યામાં પોલીસકર્મી તહેનાત કરાયા હોવાનું ગાંધીનગરના ASP આયૂષ જૈને જણાવ્યું.

. . . . . . . . . . . . .

## PANCHMAHAL AAG

પંચમહાલના ગોધરા શહેરના દાહોદ ધોરીમાર્ગ નજીક આજે એક મકાનમાં ગેસનાં બાટલામાં આગ લાગવાનો બનાવ સર્જાયો. ત્યારબાદ અગ્નિશમન દળે સ્થળ પર પહોંચી પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. સદનસીબે ચારથી પાંચ લોકોનો આબાદ બચાવ થયો. હોવાનું અમારાં પ્રતિનિધિ વિપુલ પુરોહિત જણાવે છે.

## BIMA LOKPAL DAY

બીમા લોકપાલ સંસ્થાના સ્થાપના દિવસ નિમિત્તે દર વર્ષે 11 નવેમ્બરે બીમા લોકપાલ દિવસની ઉજવણી કરાય છે. હાલ અમદાવાદ સહિત દેશભરમાં 18 બીમા લોકપાલ કચેરીઓ છે. આ સંસ્થાના અમદાવાદ કેન્દ્ર ખાતે પ્રવર્તમાન નાણાકીય વર્ષમાં 30 સપ્ટેમ્બર 2025 સુધીમાં ત્રણ હજાર એક ફરિયાદ મળી છે. તેમાંથી બે હજાર 19 ફરિયાદનો નિકાલ કરાયો છે. આ અંગે વીમા લોકપાલ શ્રી કે. વિનાયક રાવ-એ વધુ માહિતી આપી.

. . . . . . . . . . . .

## MEHSANA ELECTION

મહેસાણાની દૂધ સાગર ડેરીમાં ચૂંટણીને પગલે મતદાર યાદીની તૈયારી શરૂ કરવામાં આવી છે. આ સંદર્ભે મતદાર યાદીમાં વાંધા સૂચનો રજૂ કરાયા હતા. જેમાં કુલ 90 વાંધાઓ ચૂંટણી અધિકારી સામે રજૂ કરાતા તેની સુનાવણી બાદ 2 મત ઉમેરાયા અને 7 કમી કરાયા હતા. ત્યારે હવે કુલ એક હજાર 48 મતદારો રહ્યા છે.

. . . . . . . . . . . .

## RAJKOT KHEL MAHAKUMBH

રાજકોટમાં ખેલ મહાકુંભ અંતર્ગત યોજાયેલી વૉલિબૉલ ઑપન બૉય્ઝ ટૂર્નામૅન્ટનું સમાપન થયું. ગુજરાત રમતગમત સત્તામંડળ અને જિલ્લા રમતગમત કચેરીના સંયુક્ત ઉપક્રમે યોજાયેલી આ સ્પર્ધામાં મારવાડી વિશ્વ-વિદ્યાલયના ખેલાડીઓએ સુવર્ણ વિજયચિહ્ન એટલે કે, ટ્રૉફી પોતાના નામે કરી છે. જ્યારે ક્વિટૉન્ઝ ટીમે અંત સુધી લડત આપીને રજત ચંદ્રક અને પડધરી ટીમે કાંસ્ય ચંદ્રક મેળવ્યો.

. . . . . . . . . . . .

## CHHOTA UDEPUR SIR

છોટાઉદેપુરમાં મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા – S.I.R. ઝૂંબેશ અંતર્ગત મતદાન મથકો પર વિશેષ શિબિર યોજાઈ. જિલ્લાના નાયબ ચૂંટણી અધિકારી, બોડેલીના પ્રાન્ત અધિકારીઓ અને તમામ મામલતદારોએ આ શિબિરમાં ચાલતી કામગીરીની સમીક્ષા કરી. તેમજ ઉપસ્થિત બૂથ સ્તરના અધિકારીઓ – BLO અને મતદારોને માર્ગદર્શન આપ્યું..

ઉલ્લેખનીય છે કે, રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી દ્વારા તમામ મતદારમથક પર 15, 16, 22 અને 23 નવેમ્બરે વિશેષ શિબિરની જાહેરાત કરવામાં આવી છે.

. . . . . . . . . . . .

## MEHSANA MARKET

મહેસાણાના ઊંઝા માર્કેટ યાર્ડમાં જીરું વરિયાળી તેમજ ઈસબગુલની આવક થઈ રહી છે. રાજસ્થાન, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાંથી ખેડૂતો વેચાણ માટે આવી રહ્યા છે. જીરૂની 7 હજારથી 10 હજાર બોરી ની આવક નોંધાઇ હતી. તેનો ભાવ 3600 થી 4200 રૂપિયા સુધી રહ્યો હતો.જ્યારે વરિયાળીમાં 1500 બોરીની આવક નોંધાઇ હતી. ઈસબગુલનો ભાવ 1800 થી 2600 રૂપિયા સુધીનો રહ્યો હતો.

. . . . . . . . . . . . .